સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

'રામ ને કાજે,' કેટલાંય એન્કૌંટર કરી નાખ્યાં !
વૈદ્ય સુષેન જેવાનાં અપહરણ, કરી નાખ્યાં
ફોડી નાખ્યા કેટલાય વિભિષણોને રાતોરાત -
આ 'હનુમાને' વનવાટિકા ઉજડ કરી નાખ્યાં
(રામ-હનુમાનની આધુનિક જોડીનું સામ્ય)

હાઈકુ

લગાડી આગ
ને કર્યાં પૂરાવા નષ્ટ
લંકા દહન!
(ક્લીનચીટ કરતૂતો)

છે સાચા ભક્ત -
'રામ'ના હનુમાન -
બાંધે છે સેતુ
(કપરાં જોડાણો)

ચિંતન

જ્ઞાન ચારિત્રયોર્મૂલં સત્યમેવ વદન્તિ યે ।
ધાત્રી પવિત્રીક્રિયતે તેષાં ચરણરેણુભિઃ ॥

ઉપરોક્ત શ્લોક યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જેઓ જ્ઞાન અને ચારિત્ર્યના મૂલરૂપ સત્ય બોલે છે, તેઓની ચરણરજથી પૃથ્વી પવિત્ર થાય છે.

સાચો ધર્મ એ 'સત્ય'નું જ આચરણ છે વાણી – વર્તન દ્વારા સત્યનિષ્ઠા અને કર્તવ્યનું ન્યાયપૂર્ણ અમલીકરણ એ જ ધર્મમય આચરણ છે.

આવા કર્તવ્યનિષ્ઠ લોકો દ્વારા જ પૃથ્વી ટકી રહી છે અને તેમના ચરણ રજથી પવિત્ર રહી છે.

સુવિચાર

- અલ્લાહ થી ડરો !! પાપ અને અત્યાચાર માટે ખાનગી મંત્રણાઓ ન કરો - **કુરાન**
- માથામાં ટાલ પડ્યા પછી વાળ હોળવા માટે મળેલો કાંસકો તે 'અનુભવ' - **યુડિથ સ્ટર્ન**
- અહંકાર એટલે તમારા જડત્વના દર્દની તમને ખબર પડવા ન દે એવી દર્દશામક ઔષધી (એનેસ્થેસીયા) - **ફ્રાન્ક લેરી**
- જો અજ્ઞાનમાં સુખ હોય તો દુનિયામાં સુખી માણસો આટલા ઓછા કેમ છે? - **પોલ સ્ટીવન્સન**
- અજ્ઞાની માટે મૌન રહેવું એ સારામાં સારી વાત છે - આટલું જો અજ્ઞાની જાણે તો પછી એ અજ્ઞાની નહીં રહે - **શેખ સાદી**
- દરેક માણસ ખાસ કામ માટે પ્રભુના હાથનું ઓજાર છે - **શ્રી અરવિંદ**
- આજનું ઔષધ : ગરોળી કરડે તો સરસીયું તેલ અને કોલસાની રાખ મેળવીને ચોપડવાથી ઝેર મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

આપણાં બધા જ પ્રયોજનમાં હેતુ છે, પછી એ હેતુ સિદ્ધ ન થાય તો આપણે નારાજ થઈ જઈએ છીએ. કર્મ કરતી વખતે કારણ વગરના રહેવું જોઈએ.

અદ્‌ભૂત ચિત્રકાર પિકાસો ચિત્ર દોરતી વખતે એવો તલ્લીન થઈ જતો કે આસપાસનું કંઈ ભાન રહેતું નહીં. એકવાર એ બજારના ખૂણા પર ઊંચા ઓટલા પર બેસી કેનવાસ પર ચિત્ર દોરતો હતો.

ચિત્ર દોરતા જાણે પિકાસો ને સમાધિ લાગી ગયેલી તેવામાં એક માણસે આવીને પૂછ્યું 'આ ચિત્ર બનાવવાનો હેતુ શું છે ? પિકાસો ને તો ભાન હતુ નહીં આથી એણે કંઈ જવાબ ન આપ્યો... પેલો માણસ ત્રણ ચાર વાર પૂછ્યું. 'હેતુ શું છે ?' પિકાસોનું ધ્યાન ભંગ થયું અને એણે હાથથી માથું કૂટ્યું અને રોષપૂર્વક કહ્યું, 'અરે ભાઈ, તમે ફૂલોને શું કામ નથી પૂછતા કે તારે ખિલવાનો હેતુ શું ? પહાડો ને કેમ નથી પૂછતા કે તમારા ઉપર ઉગેલા આ વૃક્ષનો હેતુ શું ?? નદી ને કેમ નથી પૂછતાં કે તું પ્રયોજન વગર શું કામ વહે છે ?'

નદી જો પ્રયોજન વગર વહી શકતી હોય; ફુલ કારણ વગર જો ખીલી શકતું હોય તો હું કારણ વગર કેમ ચિત્ર ન બનાવું?'

પિકાસો કારણ વગર જીવ્યો અને તેથી જ તેના ચિત્રો અમર બન્યા.

કૃપા કરહુ ગુરુદેવ કી નાંઈ

તંત્રીસ્થાનેથી...

આજે વધુ એક 'મહાવીર' જયંતી. હનુમાનજીનું એક નામ 'મહાવીર' છે. હનુમાન ચાલીસાની પેલી પ્રસિદ્ધ ચોપાઈ યાદ કરો : 'મહાવીર વિક્રમ બજરંગી / કુમતિ નિવાર સુમતિ કે સંગી.' કળિયુગમાં આ જાગતા જોગંદરની ઉપાસનાનું ત્વરિત ફળ મળશે. અને એ 'અષ્ટસિદ્ધિ - નવનિધિ'ના દાતા તરીકે સુખ્યાત બનશે એવું અમોઘ વરદાન આ વાનરશ્રેષ્ઠને હાજરાહજૂર જગજનની સીતા માતાએ આપ્યું છે. એથી તુલસીદાસ જેવા મહાન સંત કવિ કહે છે : ઔર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમત સેઈ સર્વ સુખ કરઈ. એ સંકટ કાપીને બધી જ પીડા મટાડનારો દેવ છે - હનુમાન ચાલીસાના છેલ્લા દોહરામાં તો તુલસીદાસ એમને 'સૂરભૂપ' - દેવોના રાજા કહી બિરદાવે છે. આ હનુમંત તત્ત્વની ખોજ વિવિધ સ્તરે આદિ અનાદિથી ચાલતી રહી છે. ભગવાન રામચંદ્રજી તો વિષ્ણુનો અવતાર છે. લક્ષ્મણજી શેષના અવતાર ગણાય છે. આવી પ્રખર બંધુ બેલડી પર કોઈ એક જ વ્યક્તિનો ઉપકાર હોય તો તે હનુમાનનો છે. હનુમાન જ્ઞાની છે, 'વિદ્યાવાન - ગુણી' હોવા ઉપરાંત 'અતિ ચાતુર' બહુ જ કુનેહબાજ છે. સુગ્રીવના અતિ વિશ્વાસુ સાથી એવા હનુમાન જ સીતાની શોધમાં નીકળેલા રામ લક્ષ્મણનો એની સાથે મેળાપ કરાવે છે. સુગ્રીમને રામ એની ખોવાયેલી ગરિમા પુનઃ પ્રાપ્ત કરવામાં મદદરુપ બને છે અને આ સેતુકાર્ય પાછું હનુમાનનું જ છે. એ જ સુગ્રીવની સેના લંકા સુધી પહોંચવા માટે સેતુ બાંધે છે. હનુમાન તો પવનપુત્ર છે. છલાંગ ભરીને સમુદ્ર પાર કરે છે. રાવણ રાજમાં એક માત્ર વિભીષણ જ સાત્ત્વિક વૃત્તિનો આત્મા છે, જને તેઓ રામ સાથે મેળવી આપી વધુ એક સેતુ રચી આપે છે. રાવણ જેવા રાક્ષસી તત્ત્વ સાથે લડવા માટે આસુરી શક્તિ સાથે જોડાણ કરવું જરૂરી હતું. એ હનુમાન જ કરાવી શકે એમ હતા. આમ હનુમાન સીતાને સંદેશો પાઠવવાની એક માત્ર કામગીરી પતાવીને અટકી જતા નથી. તેઓ ઉત્તમ રાજદૂત ઉપરાંત પોતાના સ્વામી - પહેલાં સુગ્રીવ અને હવે રામ - એમના મિશનમાં વહેલી તકે સફળ થાય એ પ્રકારના વ્યહૂરચનાકાર - 'સ્ટ્રેટેજિસ્ટ' તરીકેની કામગીરી બજાવે છે. જે હનુમાન 'અતુલિત બલધામ' હોઈ લક્ષ્મણન મૂર્ચ્છા ટાણે આખો પર્વત ઉપાડી લાવે છે. એ પાછા શ્રેષ્ઠ સંગીતજ્ઞ છે, શાસ્ત્રજ્ઞ છે. બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ છે. એવા ભક્ત જેમને મોતીઓની માળામાં પણ જો રામ-સીતા ન દેખાય તો એને ફોડીને ફેંકી દે છે. મોરારિ બાપુએ હનુમાનની ગદા કરતાં વીણાનો વિશેષ મહિમા કર્યો છે. તલગાજરડાનાં 'ચિત્રકૂટ ધામ' ખાતે બાપુ હનુમાન જયંતીના ઉપલક્ષ્યમાં હનુમંત એવોર્ડ અને નટરાજ એવોર્ડ દ્વારા દેશવિદેશના શ્રેષ્ઠ કલાકારોનું સન્માન યોજે છે. અસ્મિતા પર્વની પૂર્ણાહૂતિ આ એવોર્ડ વિતરણથી અને બાપુનાં સ્વસ્તિવચનોથી થાય છે. હનુમાન જનસાધારણના આરાધ્ય દેવ છે. એમનાં દ્વાર ચોવીસે કલાક ઉઘાડાં રહે છે. એ અડધા શુકને હોંકારો ભણે છે. એ સાચા અર્થમાં લોકદેવતા છે - 'માસ ડેઈટી' છે. આજે હનુમાન જયંતિના પુનિત અવસરે સોને જય સિયા રામ.

ગાંધીજીએ ગોર મહારાજ તરીકે પણ સેવાઓ આપી હતી

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ જયારે બ્રહ્મચર્ય અને સ્વૈચ્છિક ગરીબીનું વ્રત લીધું તે વખતે તેમણે દૃઢપણે જણાવ્યું હતું કે તેઓ માનવજાતની સેવા કરવા માગે છે, તેમણે કુંવારા રહેવું જોઈએ. જો કે આ વાત તેમને એકદમ સમજાઈ એ અગાઉ તેઓ પોતે હંમેશા તેમના કુંવારા મિત્રો અને સગાસંબંધીઓને પરણાવવા માટે આતુર રહેતા હતા. ગાંધીજીએ તેમના સમગ્ર જીવન દરમિયાન અનેક ભૂમિકા ભજવી છે. કયારેક ધોબી, વાળંદ, રસોઈયા, દાકતર - નર્સ, લેખક, પત્રકાર અને પુરોહિત કે ગોર મહારાજ પણ તેઓ બન્યા છે.

હિન્દના વિવિધ ભાગોમાં આવેલા તેમના જુદા જુદા આશ્રમોમાં તેમણે ઘણી વખત પુરોહિત તરીકે નવદંપત્તિઓના લગ્ન પણ કરાવેલા હતા. પુરોહિતની જેમ પાત્રો અનુસાર જોડી ગોઠવી આપવાની તથા પુરોહિત તરીકેની લગ્ન - વિધિ કરી આપવાની તેની રીત પરંપરાગત લગ્ન વિધિ કરી કરતા જુદી રહેતી હતી. પુરોહિત તરીકે ગાંધીજીએ હિંદુઓમાં લગ્નનાં રીતરિવાજોની જે સામાજિક જળવાઈ અથવા તો બુરાઈ હતી તેને તોડવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. પહેરામણી, મિલ્કત, શિક્ષણ અંગેના પ્રમાણપત્રો, ઉચ્ચ જ્ઞાતિની લાયકાત વગેરે જે વર કે વધુ માટે લગ્નની સૌથી મોટી લાયકાત ઠરાવે છે એવી વિચારસરણી સામે તેમણે મૂક પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

જે લગ્નમાં તેઓ પુરોહિત તરીકે હોય અથવા પુરોહિત ના હોય પણ હાજર હોય તેવા લગ્નમાં વરવધૂ હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી પહેરતાં અને લગનની વેદી સામે અને કાતેલી સૂતર આંટી સિવાય બીજું એક પણ ઘરેણું પહેરવાની છૂટ આપતા નહીં. પુરોહિત તરીકે તેઓ વેદના મંત્રો બોલતા હતા અને પરણિત યુગલને કિંમતી ભેટ કે પહેરામણી કોઈએ આપવાની રહેતી નહીં.

દહેજ પ્રથા અનુસાર વાંકડો કે પૈઠણને તેમણે ખરાબ રિવાજ ગણાવ્યો હતો. કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને તેમની પત્નીઓને પોતાના ઘરની કે હૃદયની રાણી બનાવવાને બદલે ખરીદી કે વેચી શકાય તેવી મિલ્કત બનાવી મૂકવા બદલ ગાંધીજીએ ઠપકો પણ આપ્યો હતો. શું સ્ત્રી એ પુરુષની અર્ધાંગના - અડધું અંગ નથી ? એવો સવાલ કરતાં તેમણે કહ્યું કે 'જો મારે કોઈ છોકરીને પરણાવવાની હોય અને તેને પત્ની તરીકે સ્વીકારવા ઈચ્છતો મુરતિયો એક પૈસાની પણ ઈચ્છા રાખતો હોય, તો તેને તેવા મુરતિયા સાથે પરણાવવા કરતાં એ છોકરીને આખી જિંદગી કુંવારી રાખવાનું હું વધારે પસંદ કરું.'

લગ્ન સમારંભોમાં ભોજન પાછળ કરવામાં આવતા વધુ પડતા ખર્ચા અને અનેક રીતની લાંબી વિધિઓ સામે પણ તેમને ભારે વિરોધ હતો. લોકશાહીના જમાનામાં ધાર્મિક વિધિ પાછળ દસ રૂપિયા કરતાં વધારે ખર્ચ ન કરવો જોઈએ. તેમ તેઓ સ્પષ્ટ માનતા હતા. લગ્નમાં ધાર્મિક વિધિ સિવાયની કોઈ વિધિને બિનજરૂરી ગણાવતા તેઓ કહેતા દેશના ગરીબમાં ગરીબ માણસ માટે ખૂબ મોટો અને ખોટો ખર્ચ કરવો એ અઘરી બાબત છે. લગ્નની માફક તેઓ શ્રાદ્ધ વિધિ પાછળ થતા ખર્ચને પણ ખોટો ખર્ચ ગણાવતા હતા. પૂર્વજોના સારા ગુણો પોતાના રોજિંદા જીવનમાં ઉતારવા એ જ સાચું શ્રાદ્ધ છે એમ તેઓ કહેતા હતા. ગાંધીજી પુરોહિત કર્મ કરવા પ્રેરાયા એની પાછળ પણ વિધિઓના નામે ચાલતા ખોટા ખર્ચાને રોકવાનો આશય તેમનો રહ્યો હતો. આથી જ તેઓ દેશના ગરીબોને કે જેઓ લગ્ન અને શ્રાદ્ધની વિધિ કરાવવા માટે ભારે કરજના બોઝ હેઠળ આવી જતા હતા તેમને તેઓ કહેતા હતા કે હું તમારો પુરોહિત થઈશ અને વિધિ કરાવીશ.

ગાંધીજીએ તેમના પુત્ર મણિલાલના લગ્નમાં મહારાજ તરીકે સેવા આપી હતી. આ પ્રસંગે નવદંપત્તિને તેમને ભગવદ્ ગીતા, આશ્રમ ભજનાવલિ, મંગળસૂત્ર અને તકતી ભેટ રૂપે આપ્યા હતા. પુત્ર મણિલાલને તેમણે તારી પત્નીનો રક્ષક થજે, માલિક નહીં અને હંમેશા તેનું માન જાળવવાની શિખ આપી હતી. ગાંધીજી એ એમના લગ્ન કરવાના હોય તે વરવધૂ ને આશ્રમની સફાઈ, વૃક્ષોને પાણી આપવાનું તથા કાંતણ અને ગીતાપાઠ કરાવવાનું કામ તેઓ કરાવીને લગ્નની પ્રચલિત વિધિ કે જે સપ્તપદી તરીકે ઓળખાય છે એ પોતાના વિચારો અનુરુપ લગ્નવિધિમાં દાખલ કરાવી હતી.

ગાંધીજી પુરોહિત તરીકે કામ કરવા બદલ કોઈ જાતની દક્ષિણા લેતા ન હતા, પરંતુ કેટલીક વખત દક્ષિણા તરીકે હરિજન ફંડમાં દાન કરવા કહેતા હતા. હા, એક વખત તેમણે એક આંતરજ્ઞાતીય લગ્ન કરાવવામાં પુરોહિત તરીકે કામ કર્યું ત્યારે દક્ષિણામાં હરિજન બાંધવો માટે કૂવો બાંધવા માટે પાંચ હજાર રૂપિયા દાન મેળવ્યું હતું.

પોતાની આગવી સપ્તપદી અનુસાર બાપુ લગ્ન કરાવતા

પુસ્તક સંદર્ભ : બહુરુપી ગાંધી, લે. બંધોપાધ્યાય, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

ફરજનિષ્ઠ કર્મચારીઓનું ઉજળું યોગદાન

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મરૂભૂમિના માડુઓનો મિજાજ જૂદો હોય છે. કુદરતે તેમને અનેક પ્રતિકૂળતાઓનો ઉપહાર આપેલો છે. આ સાથેજ કુદરતે આ માનવીઓમાં ઠાંસી ઠાંસીને ખમીર પણ ભરેલું છે. જેમનો આંતરિક કોષ ભરેલો હોય તેમને બહારની પ્રતિકૂળતાઓ ક્યારે પણ વિઘ્નરૂપ બની શકતી નથી. સુકી ધરતીના પુત્રો આફતો સામે રંક બનીને શરણાગતી સ્વીકારતા નથી. તેઓ પડકારોને પણ પડકારી શકે તેવા છે. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ રાજેન્દ્ર શાહના લખેલા શબ્દો યાદ આવે છે.

આપણેના કંઈ રંક
ભર્યો ભર્યો માહ્યલો કોષ અપાર
આવવા દો જેને આવવું
આપણે મૂલવશું નિરધાર
આગ ઝરે ભલે આગ
હસી હસી ફૂલ ઝરે ગુલમહોર.

આવા માનવીઓ જે સ્થળોએ ઓછો વરસાદ પડે છે તેવા કચ્છ – બનાસકાંઠાના લોકોને જેમ લાગુ પડે છે તેજ રીતે મેવાડ – મારવાડ તથા હાડોતીના માનવીઓને પણ લાગુ પડે છે. હાડોતી પ્રદેશમાં રાજસ્થાન રાજ્યના કોટા – ઝાલાવાડ તથા બારાં વગેરે જિલ્લાઓનો સમાવેશ થાય છે. આવા વિસ્તારમાં ખમીર તથા સ્વમાન સાથે જીવતા લોકોની સેવામાં કોઈ વ્યક્તિ કે સંસ્થા ઉપયોગી થાય તો તેઓ આપણાં અભિનંદનના અધિકારી બનવા જોઈએ. કારણ કે પ્રમાણમાં ઓછા વિકસિત હોય તેવા પ્રદેશના લોકોની સેવા કરવાનું એક વિશિષ્ટ મૂલ્ય છે. બારાં જિલ્લાના કવાઈ ગામના સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી ત્યારે આ પ્રકારની હકીકત જોવા મળી. મળી.જેની છાપ મન પર લાંબા ગાળા સુધી રહે તેવી મજબૂત છે.

આમ તો કવાઈ ગામ મોટું નથી. રાજસ્થાનના બારાં જિલ્લાના અટરૂ તેહસીલનું આ ગામ છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર – સી.એચ.સી.નું સુંદર તથા સુઆયજિત ઢબે બનાવેલું બિલ્ડીંગ જોઈને આનંદ થયો. અદાણી ફાઉન્ડેશન તરફથી તેમની સી. એસ. આર. પ્રવૃત્તિના એક ભાગ તરીકે આવું બિલ્ડીંગ બનાવીને રાજ્ય સરકારને તેનું સંચાલન કરવા માટે સમર્પિત કરવામાં આવેલું છે. આપણો એક સામાન્ય અનુભવ છે કે માત્ર સુંદર બિલ્ડીંગ બનાવવાથી તેનો સંપૂર્ણ હેતુ સિધ્ધ થતો નથી. સુવિધાપૂર્ણ બિલ્ડીંગ હોવું તે અવશ્ય સારી બાબત છે પરંતુ તેનો હેતુ અનુસાર લોકસેવા માટે કાર્યક્ષમ રીતે ઉપયોગ થાય તો સોનામાં સુગંધ ભળે તેવું કામ થાય છે. અહીંયા આ બાબતની પ્રતિતિ થઈ તેનો વિશેષ આનંદ થયો. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ તરફથી જેમની નિમણૂંક કરવામાં આવી છે તેવા ડૉકટરોની ટીમ તથા નસલ્લગ સ્ટાફ તરફથી જે સમર્પિત ભાવે લોકોની આરોગ્યની સેવા કરવામાં આવે છે તે દાદ માંગી લે તેવી છે. આરોગ્ય કેન્દ્રના ઓપીડીની તો મોટી સંખ્યા ખરીજ પરંતુ ડીલીવરીના કેસોનું પ્રમાણ તથા તેની માવજત જોઈને આ ડૉકટરોની ટીમને અભિનંદન આપવાની સહેજે ઈચ્છા થાય તેવું છે. લગભગ ૨૫ થી ૩૦ ગામડાઓની આશરે ૧૫૦ મહીલાઓની ડીલીવરીના કેસો આ તબીબો તથા તેમનો સહાયકગણ કાળજી અને કૂશળતાથી સંભાળે છે. બધી ડીલીવરી નોરમલ થાય છે. ડૉકટરો કહે છે કે જે કિસ્સામાં તેમને માતાના આરોગ્ય સબંધમાં ગૂંચવણ કે ચિંતા જણાય તેવા કેસ જિલ્લાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે. અહીં ફરજ બજાવતા તબીબો કહે છે કે આવા કેસોનું પ્રમાણ ઓછું છે. નોરમલ ડીલીવરી અને તે પણ સરકારી હોસ્પિટલમાં થવાથી કેટલી મોટી રાહત મળે છે તેની વાત તો દર્દીઓ કે તેમના સગાવહાલાઓ પાસેથી સાંભળીએ ત્યારેજ તેના મહત્વની પ્રતિતિ થાય છે. સામાન્ય રીતે બાળકના જન્મ સમયે સીઝેરીયન કરવાનું પ્રમાણ એકંદર વધેલું છે તેની સામે પણ કવાઈના આ તબીબોની વાત સમજવા અને વખાણવા જેવી છે.

સામાન્ય રીતે સરકારી તંત્ર તરફ જોવાનો સમાજનો દ્રષ્ટિકોણ ટીકાત્મક રહેતો હોય છે. તેના ચોક્કસ કારણો પણ હોય છે. પરંતુ જ્યારે આવા માહોલમાં કોઈ જગાએ સરકારી તંત્રના ફિલ્ડના કર્મચારીઓ તરફથી નમૂનારૂપ સારું કામ થતું જોવા મળે ત્યારે ખરેખર આનંદની લાગણી થાય છે. સરકારી તંત્રના કર્મચારીઓ સામેની ફરિયાદ હોય અને ફરિયાદ થાય ત્યારે તે સમાજના અબાધિત અધિકારનો વિષય છે. પરંતુ તેની સાથેજ જ્યાં કશુંક સારું થતું હોય ત્યાં નાગરિકો તરફથી તેની પ્રશંસા કરવામાં આવે ત્યારે કામ કરનાર લોકોનો થાક ઉતરી જાય છે. એટલુંજ નહિ પરંતુ આ લોકો બેવડા ઉત્સાહથી કામ કરતા થાય છે. ફરજના ચીલાચાલુ કાર્યમાં જ્યારે આવી નિષ્ઠાની ચેતનાનો સંચાર થાય છે ત્યારે તેવા કાર્યને ઈશ્વરની સેવા-પૂજાના કાર્યની હરોળમાંજ મૂકી શકાય. તક મળે ત્યારે નિષ્ઠાપૂર્વકની આવી સેવાનેજ કુદરત તરફથી કદાચ તેમની પ્રાર્થના તરીકે સ્વકારાતી હશે. '' જીવન અંજલી થાજો '' નો ભાવ આવા કાર્યમાં સુપેરે ઝીલાયો છે. આવા નિષ્ઠાવાન કર્મચારીઓની એક ઉમદા છાપ પણ સામાન્ય જનસમૂહ પર રહેતી હોય છે. નિષ્ઠાપૂર્વક સેવા બજાવતા સરકારી કર્યારીઓના આવા અનેક દ્રષ્ટાંતો જોવા મળેલા છે. વર્ષો પહેલા કચ્છમાં કામ કરવાનું થયું ત્યારે માંડવી તાલુકાના બીદડા ગામના ડૉકટરોની આવી સેવાનુંજ કાર્ય જોયું હતું તેની મધુર સ્મૃતિથઈ આવી. બીદડા ગામના ટ્રસ્ટની સુંદર હોસ્પિટલની સેવા દર્દીઓને સહેજે ઉપલબ્ધ હોવા છતાં જિલ્લા પંચાયત સંચાલિત સરકારી દવાખાનાના બહોળા ઉપયોગ પાછળ ત્યાંના તબીબોની સેવા કરવાની તત્પરતા હતી. તેની વાત લોકો અચૂક કરતા હતા. કચ્છના ભીષણ ભૂકંપ પછી કે મચ્છુ બંધ હોનારતના સમયે અનેક કર્મચારીઓએ અનેક શારીરિક તકલીફો તેમજ જોખમો વહોરીને ફરજ બજાવી છે જે બાબત સૌને સુવિદિત છે. એક સ્વસ્થ સમાજ તરીકે આપણે સારા કાર્યોને બીરદાવવાની તેમજ નબળા કામો તરફ સ્પષ્ટ અણગમો વ્યક્ત કરવાની સૂઝ તથા શક્તિ કેળવવી આવશ્યક છે. સિંહગઢનો વિજય પ્રાપ્ત કર્યા બાદ '' ગઢ આલા પણ સિંહ ગેલા '' કહીને શિવાજી મહારાજે પોતાની સેનાના વીર નાયક તાનાજીના બલિદાનની વેદના વ્યક્ત કરી હતી. તાનાજીના સમર્પણની ભાવપૂર્વક પ્રશસ્તી કરી હતી તે કથા જાણીતી છે. સમાજ કે શાસકનું આવું વલણ સારું કાર્ય કરવાનો જેમણે નિર્ધાર કરેલો છે તેમને બળ પૂરું પાડે છે.

સમાજ તરીકે શિવાજી મહારાજના વલણને હૈયામાં ધારણ કરીને સારા કાર્યને – નિષ્ઠાવાન કર્મચારીને બીરદાવવાનું ચૂકવા જેવું નથી.

આજે ગાંધીનગરમાં બે સાહિત્યસર્જકો સન્માનાશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● અભ્યુદય બહુઉદ્દેશીય સંસ્થા, વર્ધાના ઉપક્રમે અને રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરત તથા ગાંધીનગર સાહિત્ય સભાના સહયોગથી, ગુજરાતના મહામહીમ રાજયપાલ ઓ.પી. કોહલી; વરિષ્ઠ સાહિત્યકાર અને નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને સુરત નિવાસી હિન્દી સાહિત્યકાર ડૉ. સુષમા અય્યરને તા. ૩૧-૦૩-૧૮ ન શનિવારના રોજ, સાંજના ૫.૩૦ વાગે બેન્કેટ હૉલ, રાજભવન, ગાંધીનગર ખાતે, વરિષ્ઠ પત્રકાર અને 'ગાંધીનગર સમાચાર' સંપાદક કૃષ્ણકાન્ત જહાના મુખ્ય અતિથિ પદે 'હિન્દી સેવી સરસ્વતી સન્માન' થી નવાજશે.

● ગાંધી મિત્રવર્તુળ અને 'ત્રિદલ' સંસ્થાના સંયુક્ત ઉપક્રમે; ડંકેશ ઓઝાની વિશેષ ઉપસ્થિતિમાં, વિશ્વગ્રામના સંજય - તુલા 'પડઘાતી સંભાવનાનો પ્રદેશ : કાશ્મીર' વિષયે, તા. ૧-૪-૨૦૧૮ ને રવિવારજના રોજ સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે વ્યાખ્યાન આપશે.

● મારી ભાષા, મારું સાહિત્ય, મારું ગૌરવ - અંતર્ગત 'શબ્દયાત્રા' - કવિ સંમેલન; ગુજરાત સાહિત્ય અકાદમી, ૭.૦૦ વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાઈ ગયું. આ કવિ સંમેલનમાં જાણીતા અને નવોદિત કવિઓ શૈલેષ પંડ્યા 'ભીનાશ', રાવજી ગાભાણી, અક્ષય દવે (જાફરાબાદ), પ્રજ્ઞાબેન પટેલ, રમેશ ચૌહાણ, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', નટવર હેડાઉ 'વનવિહારી', રૂદ્રી શુક્લ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, અનિલ ચાવડા (૧૧) રાજેસ વ્યાસ 'મિસ્કીન' દ્વારા પોતાની રચનાઓ રજૂ કરી, સર્વેને ભાવવિભોર કર્યા હતા. કવિ - સંમેલનનું ભાવવાહી સંચાલન ડૉ. જયેન્દ્રસિંહ જાદવે કર્યું હતું.

● 'તોફાની તાંડવ' દૈનિક દ્વારા, અમદાવાદ ખાતે એક કવિ સંમેલન યોજાઈ ગયું, આ પ્રસંગે ડૉ. એસ. એસ. રાહી, ડૉ. અશોક ચાવડા 'બેદિલ', અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, તેજસ દવે, ચંદ્રેશ મકવાણા, ભાવિન ગોપાણી તથા ડૉ. સતીન દેસાઈ 'પરવેઝ' એ પોતાની કાવ્યરચનાઓ રજૂ કરી હતી.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદના ઉપક્રમે વિખ્યાત અભિનેતા અને દિગ્દર્શક પ્રવીણ જોષીની પુણ્યતિથિ નિમિત્તે 'રંગરાજવી પ્રવિણ જોશી' વિષય પર જાણીતા નાટ્ય અભિનેતા અને દિગ્દર્શક ડૉ. મહેશ ચંપકલાલે રસપ્રદ વકતવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, પ્રવીણ જોશીની ખરી વિશિષ્ટતા તેમની ભાષામાં હતી. ગુજરાતી ભાષા પરત્વેની તેમની પ્રીતિ, ઊંડી સમજ અને ચીવટને કારણે અન્ય કલાકારો, દિગ્દર્શકોથી તેઓ નોખા તરી આવતા હતા. અર્થનું તેમને મન પરમ મહત્ત્વ હતું એટલે જ એ શબ્દમાંથી ભાવ પ્રગટાવવા મથતા.

● 'અનુરંજન' અને 'સિયામાઝ'ના સંયુક્ત ઉપક્રમે કાંદિવલી (મુંબઈ) ખાતે યોજાયેલા કવિ સંમેલનમાં સર્વ સતીશ, વ્યાસ, સુરેશ ઝવેરી 'બૉફિકર', સંજય પંડ્યા, આશા રોશન, દિનેશ પોપટ, વિજય કોઠારી, રમેશ પરમાર 'ખામોશ' અને ભાવેસ શાહ 'શહેરી' એ પોતાની સ્વરચનાઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન રાજેશ બ્રહ્મભટ્ટને કર્યું હતું.

● રાષ્ટ્રીય કલાકેન્દ્ર, સુરત ખાતે, યોજાયેલ કાવ્ય મહેફિલમાં બકુલેશ દેસાઈ, ગૌરાંગ ઠાકર, ડૉ. વિવેક ટેલ, પ્રશઆંત સોમાણી અને કિરણસિંહ ચૌહાણે સ્વરચિત ગઝલો રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સુશ્રી પ્રજ્ઞા વશીએ કર્યું હતું.

● ગાંધીનગરના જાણીતા કવિ અને ચિંતક તથા ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને નિવૃત્ત આઈ.એ.એસ. ભાગ્યેશ જહા, ફલોરીડા યુનિવર્સિટી દ્વારા ઉજવાતા 'સુવર્ણા દિનેશ શાહ ચોથા કાવ્ય મહોત્સવ' માં ભાગ લેવા તા.૨૭-૦૩-૨૦૧૮ ના રોજ રવાના થયેલ છે. આ મહોત્સવમાં મુંબઈથી હિતેન આનંદપરા પણ ભાગ લેવા જઈ રહ્યા છે. આ બંને કવિઓએ તા. ૩૧મી માર્ચ અને ૧ લી એપ્રિલે પોતાની કાવ્ય રચનાઓ રજૂ કરશે. સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝ દ્વારા યોજાયેલ ગોષ્ઠિમાં ભાગ્યેશ જહા 'કૃષ્ણ મારી દૃષ્ટિએ' વિષય પર વકતવ્ય આપશે, જયારે ચિત્રલેખાના જાણીતા કટાર લેખક હિતેન આનંદપરા 'કવિતાનો આનંદ' વિષય પર વકતવ્ય આપશે. આ પ્રતિષ્ઠિત કાવ્ય મહોત્સવમાં ભાગ લઈ ગુજરાતી ભાષાનું ગૌરવ વધારનાર બંને દિગ્ગજ કવિઓને ખૂબ ખૂબ અભિનંદન-સહ અંતરની શુભકામનાઓ.

- muljibhaidadhi@gmail.com